પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૭ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૨, મંગળવાર; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

કુલુમાં બસ ખીણમાં પડતા ૭ના મોત

અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૦ લોકોને સારવાર માટે ખસેડાયા છે : આ બસ જલોડા પાસે પહોંચી ત્યારે અનિયંત્રિત થઈ હતી અને ૪૦૦ મીટર ઊંડી ખીણમાં જઈને પડી હતી, જેમાં પના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા

કુલુ,તા.૨૪

હિમાચલ પ્રદેશમાં થયેલા એક બસ અકસ્માતમાં ૭ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે ૧૦ જેટલા લોકો આ અકસ્માતમાં ઘાયલ થયા છે. બસ ખાઈમાં પડવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો. કુલુ જિલ્લાના ઘીયાગી વિસ્તારમાં બંજારા વેલીમાં રવિવારે રાત્રે બસ ખાઈમાં પડ્યાની ઘટના બની હતી. પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે. આ સિવાય રિસ્ક્યુ ટીમ દ્વારા લોકોને બસમાંથી બહાર કાઢીને સુરક્ષિત સ્થળ પર ખસેડવામાં આવ્યા હતા. કુલુ જિલ્લાના ડેપ્યુટી કમિશનર આશુતોષ ગર્ગે આ બનાવ અંગે વાત કરતા જણાવ્યું કે, બસમાં ડ્રાઈવર સહિત ૧૭ જેટલા લોકો સવાર હતા અને આ બસ ખાઈમાં પડી હતી. તમામ ઘાયલોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમને તમામ પ્રકારની જરુરી સુવિધાઓ આપવામાં આવી રહી છે. આશુતોષ ગર્ગ વધુમાં જણાવે છે કે, બનાવની જાણ થતા પોલીસ, સ્થાનિક વહીવટી ટીમ અને હોમગાર્ડ્સ પહોંચ્યા હતા. આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોને પ્રાથમિકતા આપીને

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલે મોંઘવારી ભથ્થાંની ઔપચારિક જાહેરાત કરાશે

કેન્દ્રીય કર્મીઓ મોંઘવારી ભથ્થામાં વધારાની રાહ જોતા હતા : જૂન મહિનામાં ઈન્ડેક્સ વધીને ૧૨૯.૨ પર પહોંચવાના કારણે કર્મચારીઓના ડીએમાં ૪ ટકાનો વધારો નક્કી છે

નવી દિલ્હી, તા.૨૬

આજથી નવરાત્રિનો તહેવાર શરૂ થઈ ગયો છે. આ સાથે જ કેન્દ્રીય કર્મચારીઓ લાંબા સમયથી મોંઘવારી ભથ્થામાં વધારાની જે કાગડોળે રાહ જોઈ રહ્યા હતા તે ઈન્તેજારનો પણ હવે અંત આવવાની તૈયારી છે. સરકાર તરફથી તેની જાહેરાત થવાની છે. સૂત્રોના જણાવ્યાં મુજબ મોંઘવારી ભથ્થાની ઔપચારિક જાહેરાત ૨૮ સપ્ટેમ્બરે એટલે કે ત્રીજા નોરતે કરવામાં આવશે. સપ્ટેમ્બરનો પગાર બે મહિનાના એરિયર સાથે આવશે.

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને નક્કી કરવા માટે સરકાર તરફથી એઆઈસીપીઆઈ-આઈડબલ્યુ (ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ-ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ) ઈન્ડેક્સના આંકડાને આધાર બનાવવામાં આવે છે. એઆઈસીપીઆઈ-આઈડબલ્યુના પહેલા છમાસિકના આંકડા બહાર પડી ચૂક્યા છે. જૂનમાં ઈન્ડેક્સ વધીને ૧૨૯.૨ પર પહોંચવાના કારણે ડીએમાં ૪ ટકાનો વધારો નક્કી છે. મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો થયા બાદ કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૩૮ ટકા થઈ જશે. આ અગાઉ સરકાર તરફથી માર્ચમાં જાન્યુઆરીના

મોંઘવારી ભથ્થાની જાહેરાત કરવામાં આવી હતી. તે સમયે ૩૧ ટકાથી વધારીને ૩૪ ટકા કરવામાં આવ્યું હતું. હવે ફરી વધેલું મોંઘવારી ભથ્થું ૧ જુલાઈથી લાગુ કરવામાં આવશે. નવરાત્રિના શુભ દિવસોમાં સરકાર તરફથી તેની ચૂકવણી થવાથી કર્મચારીઓના ખિસ્સામાં મોટી રકમ આવી શકશે. મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવામાં આવે તો તે ૩૮ ટકા થઈ જશે.

રાજસ્થાન કોંગ્રેસમાં રાજકીય સંકટ

મુખ્યમંત્રી પદ માટે ગેહલોત-પાયલટ જૂથ વચ્ચે રસાકસી : ભાજપના નેતાઓ સોશિયલ મીડિયા પર કોંગ્રેસમાં આંતરિક ડખા અંગે ટ્વિટ કરીને મજા લઈ રહ્યા છે : ભાજપમાં ખુશીનો માહોલ

નવી દિલ્હી, તા.૨૬

રાજસ્થાનમાં મુખ્યમંત્રી પદ માટે અશોક ગેહલોત અને સચિન પાયલટ જૂથ વચ્ચે રસાકસી જામી છે. રાજસ્થાન કોંગ્રેસના આ રાજકીય સંકટના કારણે ભાજપમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના નેતાઓ સોશિયલ મીડિયા પર આ અંગે ટ્વિટ કરીને ટીખળની મજા લઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભાજપ પહેલેથી જ કોંગ્રેસની કન્યાકુમારીથી કાશ્મીર સુધીની 'ભારત જોડો યાત્રા'ની મજાક ઉડાવતું આવ્યું છે. ભાજપ સતત એવો કટાક્ષ કરી રહ્યું છે કે, કોંગ્રેસે નેતાઓને પાર્ટીમાં જોડી રાખવા અને તેમને એકજૂથ રાખવા પર ધ્યાન આપવું જોઈએ કારણ કે, તેના અનેક વરિષ્ઠ નેતાઓ પાર્ટી છોડીને જઈ રહ્યા છે.

ભારતમાં રહેતો દરેક વ્યક્તિ હિંદુ છે : મોહન ભાગવત

હિંદુ બનવા માટે ધર્મ બદલવાની જરૂર નથી : ઇસ્લામ ધર્મનો પ્રચાર કરનારા મુગલો અને ઇસાઇ ધર્મનો પ્રચાર કરનારા બ્રિટિશ શાસકોથી પહેલાં હિંદુઓ અસ્તિત્વમાં હતા

શિલોંગ,તા.૨૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે રવિવારે મેઘાલયના શિલોંગમાં એક વિશિષ્ટ નાગરિક સંમેલનને સંબોધિત કર્યુ હતુ. આ બેઠક

પારંપારિક ખાસી સ્વાગત સાથે શરૂ થઈ હતી. તેમાં આરએસએસ પ્રમુખને પારંપારિક પોશાક પહેરાવવામાં આવ્યો હતો. તેમણે ભાષણમાં કહ્યુ હતુ કે, હિમાલયના દક્ષિણમાં, હિંદ મહાસાગરના ઉત્તરમાં અને સિંધુ નદીના કિનારે વસતા લોકો પરંપરાગત રીતે હિંદુ કહેવાય છે. ઈસ્લામ ધર્મનો પ્રચાર કરનારા મુગલો અને ઈસાઈ ધર્મનો પ્રચાર કરનારા બ્રિટિશ શાસકોથી પહેલાં હિંદુઓ અસ્તિત્વમાં હતા. હિંદુ ધર્મ નથી, પરંતુ જીવન જીવવાની રીત છે. આરએસએસના પ્રમુખે કહ્યુ હતુ કે, હિંદુ શબ્દ એ દરેક વ્યક્તિ માટે વપરાય છે જે ભારત માતાના પુત્ર છે. ભારતીય પૂર્વજોના વંશજ છે અને તે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે રહે છે. હિંદુ બનવા માટે કોઈ ધર્મ બદલવાની જરૂર નથી. કારણ કે ભારતનો દરેક વ્યક્તિ હિંદુ છે. અમે હિંદુ છીએ, પરંતુ હિંદુની કોઈ વિશેષ પરિભાષા નથી. આ અમારી ઓળખ છે. ભારતીય અને હિંદુ બંને શબ્દ પર્યાયવાચી છે. ભારતમાં રહેતા દરેક લોકો ઓળખથી તો હિંદુ જ છે. આ એક ભૂસાંસ્કૃતિક ઓળખાણ છે. ભારત એક પશ્ચિમી અવધારણાવાળો દેશ નથી. આ અનાદિકાળથી એક સાંસ્કૃતિક દેશ રહ્યો છે. વાસ્તવિક રીતે, આ એક એવો દેશ છે જેણે દુનિયાને માનવતાનો પાઠ ભણાવ્યો છે.

ગુલામનબી આઝાદે ડેમોક્રેટિક આઝાદ પાર્ટીની રચના કરી

ડેમોક્રેટિક આઝાદ પાર્ટીની વિચારધારા આઝાદ હશે, પાર્ટીમાં ધર્મ નિરપેક્ષ લોકો જ સામેલ થઈ શકે છે

શ્રીનગર, તા.૨૬

ગુલામ નબી આઝાદે આજે પોતાની પાર્ટીના નામનું એલાન કર્યું છે. તેમણે પોતાની પાર્ટીનું નામ 'ડેમોક્રેટિક આઝાદ પાર્ટી' રાખ્યું છે. આઝાદે ૨૬ ઓગષ્ટના રોજ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધું હતું. ત્યારબાદ તેમણે કહ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં નવી પાર્ટીના નામની ઘોષણા કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમની પાર્ટીની વિચારધારા આઝાદ હશે. રવિવારે જ ગુલામ નબી આઝાદ શ્રીનગર પહોંચ્યા હતા. તેઓ ૨૭ સપ્ટેમ્બર સુધી ત્યાં જ રહેશે. ત્યારબાદ તેઓ દિલ્હી જવાના છે.

આઝાદે કહ્યું હતું કે, તેમની પાર્ટીમાં ધર્મ નિરપેક્ષ લોકો જ સામેલ થઈ શકે છે. તેમણે પાર્ટીમા નામને લઈને જનતા પાસેથી પણ સૂચનો માંગ્યા હતા. શ્રીનગરની મુલાકાત દરમિયાન પણ તેમણે સમર્થકો સાથે પાર્ટીના નામને લઈને મંથન કર્યુ હતું અને ત્યારબાદ હવે પ્રેસ કોન્ફરન્સ કરીને નવી પાર્ટીનું એલાન કરી દીધું છે.

રશિયાની એક શાળામાં ગોળીબારમાં ૧૩નાં મોત

૨૦થી વધુ ઘાયલ : અમેરિકા બાદ રશિયામાં પણ ગનકલ્ચરનું ખરાબ પરિણામ : મૃતકોમાં ૭ બાળકો પણ સામેલ, મૃતક બાળકોના ઉંમર વિશે માહિતી નથી અઝેવસ્કમાં ડરનો માહોલ, ફાયરિંગ કરનારે પોતાને પણ ગોળી મારી દીધી

મોસ્કો, તા.૨૬

રશિયાની એક સ્કૂલમાં ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦થી વધુ ઘાયલ થયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મૃતકોમાં ૭ બાળકો પણ સામેલ છે. અઝેવસ્ક શહેરમાં ગોળીબાર બાદ ડરનો માહોલ છે. બીજી તરફ ગવર્નર અને સ્થાનિક પોલીસનું કહેવું છે કે, ફાયરિંગ કરનારે પોતાને પણ ગોળી મારી દીધી છે. સ્કૂલને તાત્કાલિક ખાલી કરાવી દીધી છે અને ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કર્યા છે. ત્યાંના ગવર્નર એલેક્ઝાન્ડર બ્રેશાલોવે કહ્યું કે, સ્કૂલમાં પોલીસ ટીમ હાજર છે. ગયા વર્ષે પણ પૂર્વી મોસ્કોમાં આવી જ ઘટના બની હતી. ત્યાં ૧૯ વર્ષના એક વ્યક્તિએ ફાયરિંગ કર્યુ હતું જેમાં ૯ લોકોના મોત થઈ ગયા હતા. મૃતકોમાં ૭ બાળકો સામેલ હતા. ગૃહમંત્રાલયના જણાવ્યા પ્રમાણે એક શિક્ષક સહિત કેટલાક

વિદ્યાર્થીઓના મોત થઈ ગયા છે. જોકે, મૃતક બાળકોના ઉંમર વિશે માહિતી નથી મળી. પોલીસના જણાવ્યા પ્રમાણે જ્યારે હુમલો થયો ત્યારે સ્કૂલમાં કોઈ ગાર્ડ નહોતો. અમેરિકામાં પણ આવા ગોળીબારના કિસ્સા અવારનવાર સામે આવતા રહે છે. બંદૂક રાખવાના નિયમોમાં છૂટછાટને કારણે ઘણી વખત લોકોએ જીવ આપીને તેની કિંમત ચૂકવવી પડે છે.

આ હિંસાનું કારણ સ્થાનિક સંઘર્ષ હોય શકે છે. તમને જણાવી દઈએ કે, હાલમાં રશિયામાં સત્તા સામે વિરોધ પ્રદર્શન તેજ છે. પુતિને જ્યારથી યુક્રેન યુદ્ધમાં જોડાવાનો આદેશ આપ્યો છે ત્યારથી મોટી સંખ્યામાં નાગરિકો દેશ છોડી રહ્યા છે. બીજી તરફ રશિયામાં વિરોધ પ્રદર્શન પણ થઈ રહ્યા છે. લોકોનું કહેવુ છે કે પુતિન તેમને કારણ વિના યુદ્ધમાં ધકેલી રહ્યા છે.

આસામના મુખ્યમંત્રી અને સદગુરુ સામે પોલીસ ફરિયાદ

વન્યજીવ સંરક્ષણ કાયદાનું ઉલ્લંઘન કર્યાનો આક્ષેપ : રાષ્ટ્રીય ઉદ્યાનની કિનારે આવેલા ગામોના રહેવાસીઓએ અંધારામાં જીપ સફારી કરવા બદલ ફરિયાદ દાખલ કરાવી

ગુવાહાટી, તા.૨૬

આસામના મુખ્યમંત્રી હિંમતા બિસ્વા શર્મા અને સદગુરૂ સહિત અન્ય લોકો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આરોપ છે કે, તમણે વન્યજીવ સંરક્ષણ કાયદાનું કથિત રીતે ઉલ્લંઘન કર્યું છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગોલાઘાટા જિલ્લાના બોકાખાટ પોલીસ સ્ટેશનમાં રાષ્ટ્રીય ઉદ્યાનની કિનારે આવેલા ગામોના રહેવાસીઓએ છેલ્લા દિવસોમાં અંધારામાં જીપ સફારી કરવા બદલ ફરિયાદ દાખલ કરાવી છે.

અધિકારીએ જણાવ્યું કે, અમે કેસની તપાસ હાથ ધરી છે. આ મામલો ૦૦ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ હેઠળ આવે છે તેથી અમે પાર્કના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર પાસેથી આરોપની સ્થિતિ અંગે રિપોર્ટ માંગ્યો છે. તેમણે કહ્યું કે, લોકોને આરોપ લગાવાનો અધિકાર છે અને તેના આધાર પર જ તપાસ કરવામાં આવશે.

અધિકારીએ સાંજના સમય બાદ જીપ સફારીનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, આ એક સત્તાવાર કાર્યક્રમ હતો અને કેટલીકવાર આવા આયોજનનો થોડા મોડા સુધી ચાલતા હોય છે. તેથી મને નથી લાગતું કે, આપણે તેને કાયદાનું ઉલ્લંઘન કહી શકીએ.

ફરિયાદ પાર્ક નજીકના મોરોંગિયાલ અને બલિજન ગામોના નિવાસી સોનેશ્વર નારા અને પ્રબીન પેગુએ દાખલ કરાવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, સાંજના સમય બાદ હેડલાઈટ્સ સાથે જીપ સફારી કરવી વન્યજીવ સરંક્ષણ એક્ટ ૧૯૭૨નું ઉલ્લંઘન છે. ફરિયાદીઓએ સદગુરૂ જગદીશ જગ્ગી વાસુદેવ, હિમંત બિસ્વા શર્મા, રાજ્યના પ્રવાસન મંત્રી જયંત મલ્લા બરુઆ અને અન્યની તાત્કાલિક ધરપકડની માંગ કરી છે.

દેશમાં કોરોનાના કેસમાં થઈ રહ્યો છે ઘટાડો

નવી દિલ્હી, તા.૨૬

દેશમાં કોરોના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪ હજાર ૧૨૯ નવા કેસ નોંધાયા છે. દૈનિક પોઝિટિવિટી રેટ વધીને ૨.૫૧ ટકા થયો છે. ૪૬૮૮ દર્દી સાજા થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૩ હજાર ૪૧૫ થઈ છે. કુલ ૪ કરોડ ૪૦ લાખ ૨૯૮ લોકો કોરોના મુક્ત થયા છે. મૃત્યુના કુલ આંકડા પર નજર કરીએ તો આ આંકડો ૫ લાખ ૨૮ હજાર ૫૩૦ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૭ કરોડ ૬૮ લાખ ૩૫ હજાર ૭૧૪ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

લખનૌમાં તળાવમાં ટ્રેક્ટર ટ્રોલી પલટી જતાં ૯નાં મોત

સીતાપુરના ટીકૌલી ગામ અટરિયાથી ટ્રેક્ટર ટ્રોલી પર સવાર થઈને ગ્રામજનો ઉનાઈ દેવી મંદિરે જઈ રહ્યા હતા

લખનૌ, તા.૨૬

રાજધાની લખનૌમાં મોટો અકસ્માત થયો છે. ઈંટૌજાના કુમહરાવન રોડ પર ગદ્દીનપુરવા નજીક તળાવમાં ટ્રેક્ટર ટ્રોલી પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૯ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા જ્યારે ૩૬ લોકો ઘાયલ થયા છે. અકસ્માતની સૂચના મળતા ડીએમ સૂર્યપાલ ગમગવાર ઘટના સ્થળે પહોંચ્યા હતા. રામ સાગર મિશ્ર હોસ્પિટલમાં દાખલ ઘાયલોની ખબર લીધી હતી. બંને બાળકોની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે.

અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક ઉચ્ચ સ્તરીય સારવાર આપવા સૂચના આપવામાં આવી હતી. ડીએમએ એસડીઆરએફની ટીમને બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે બોલાવી હતી.

સીતાપુરના ટીકૌલી ગામ અટરિયાથી ટ્રેક્ટર ટ્રોલી પર સવાર થઈને ગ્રામજનો ઈંટૌજા સ્થિત ઉનાઈ દેવી મંદિરે જઈ રહ્યા હતા. સીતાપુર હાઈવે-અને કુમ્હરાવા રોડ પર ગદ્દીનપુરવા નજીક પાછળથી આવી રહેલી ટ્રકે ટક્કર મારી હતી. ટ્રેક્ટર ટ્રોલી પર લગભગ ૪૫ લોકો સવાર હતા. ૩૪ લોકોને સારવાર અર્થે સીએચસી પહોંચાડવામાં આવ્યા હતા. બાકીના લોકોને સામાન્ય ઈજા પહોંચી છે.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

હાર્દિક નિમંત્રણ

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને જિલ્લા રાજપૂત સમાજના સંયુક્ત ઉપક્રમે આગામી દશેરા તા. ૫/૧૦/૨૦૨૨ ને બુધવારે સવારે ૯-૩૦ કલાકે શસ્ત્ર અને શાસ્ત્ર પૂજનનો કાર્યક્રમ રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તમામ રાજપૂત ભાઈઓ-બહેનોને શસ્ત્ર પૂજનનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. પોતાના શસ્ત્ર સાથે રાજપૂતી પરંપરા પ્રમાણે પધારવા વિનંતી.

શ્રી વિક્રમસિંહ એસ. ગોલ પ્રમુખ શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર	શ્રી પ્રદિપસિંહ પી. બિહોલા મહામંત્રી શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
ડો. શંકરસિંહજી આર. રાણા પ્રમુખ ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ	શ્રી ભરતસિંહજી બી. બિહોલા મહામંત્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ